## જૂનાગઢનાં પૂર્વ મહિલા સાંસદને એચસીજીમાં દાખલ કરાયાં

# હૃદયની ધમની ફાટતાં ભાવના ચિખલિયાની હાલત અતિ ગંભીર

### 27મીએ હાઉસિંગ ફાઇનાન્સ બોર્ડની વાર્ષિક સાધારણ સભા માટે અમદાવાદ આવ્યાં હતાં

ભાસ્કર ન્યૂઝ . અમદાવાદ

પૂર્વ કેન્દ્રીય રાજ્ય મંત્રી અને જૂનાગઢનાં પૂર્વ સાંસદ ભાવનાબહેન ચિખલિયાની મંગળવારે અમદાવાદમાં તબિયત લથડતાં તેમને તાત્કાલિક એચસીજી મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલમાં દાખલ કરાયાં હતાં. તેમની હાલત અતિ ગંભીર લાગતાં તેમની સર્જરી હાથ ધરાઈ હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ય માહિતી મુજબ, ભાવનાબહેન હાલમાં ગુજરાત હાઉસિંગ ફાઈનાન્સ બોર્ડનાં અધ્યક્ષા છે. આગામી 27મી જૂનનાં રોજ બોર્ડની વાર્ષિક સાધારણ સભા મળવાની હોવાથી તેઓ અમદાવાદમાં આવેલાં ગુજરાત હાઉસિંગ ફાઈનાન્સનાં ગેસ્ટ હાઉસમાં ઉતર્યા હતાં. મંગળવારે સવારે નહાવા ગયાં બાદ એક-દોઢ કલાક સુધી રૂમ ન ખુલતાં 108 અને ફાયર બ્રિગેડને જાણ કરાઈ હતી. ફાયરબ્રિગેડે બારણાં તોડીને પ્રવેશ કરતાં ભાવનાબહેન બેભાન અવસ્થામાં પડેલાં હતાં, તેમજ તેમનાં મોઢામાંથી ફીણ નીકળતું હતું, જેથી તેમને તાત્કાલિક 108 દ્વારા એચસીજી મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલમાં દાખલ કરાયાં હતાં. હોસ્પિટલના ન્યૂરોલોજી વિભાગનાં ડો. બશીર અહેમદીએ ભાવનાબહેનની તપાસ કરતાં હૃદયને લોહી પહોંચાડતી ધમનીમાં સોજો આવવાથી ધમની ફાટી (એન્યુરિઝમ) ગઇ હતી. જેથી પગલે હોસ્પિટલનાં કાર્ડીયો-થોરાસિક સર્જન ડો. ભૂપેશ શાહ દ્વારા સાંજનાં સમયે ભાવનાબહેનની સર્જરી હાથ ધરાઈ હતી. આ લખાય ત્યાં સુધી સર્જરી ચાલુ હોવાનં જાણવા મળ્યં છે.

### એનડીએ સરકારમાં મંત્રી રહ્યાં હતાં



**ભાવનાબહેન** 1992થી જૂનાગઢનાં સાંસદ તરીકે પ્રથમ વખત ચૂંટાયા બાદ સતત ચાર ટર્મ સુધી તેઓ ભાજપનાં સાંસદ તરીકે જૂનાગઢ બેઠક પરથી ચૂંટાયા હતા. જેમાં છેલ્લી ટર્મ વખતે તેઓ એનડીએ સરકારમાં રાજ્યકક્ષાનાં પ્રવાસન મંત્રી હતાં.